અરજી આપ્યા તારીખ......૨૬/૧૨/૨૪......અધિક્ષક
નકલ તૈયાર કર્યા તારીખ......૭/૧/૨૫......અધિક્ષક
નકલ આપ્યાની તારીખ......૭/૧/૨૫......અધિક્ષક

ચેરિટી કમિશનર, ભાવનગર પ્રદેશ - ભાવનગર
સત્યમેવ જયતે

– ફેરફાર રીપોર્ટ –

ટ્રસ્ટનું નામ :- સ્ટેટ બોડી બિલ્ડીંગ એસોસીએશન, ભાવનગરભાવનગર. ટ્રસ્ટનો નંબર :- એ/ ૧૮૪૭ / ભાવનગર.
એફ/૧૮૪૭/ભાવનગર

| ફેરફારનો પ્રકાર. | ફેરફારનું કારણ. | રીમાર્કસ. |
|---|---|---|
| આપશ્રીના પી.ટી.રજીસ્ટ્રરમાં દર્શાવેલ નીચે મુજબના ટ્રસ્ટીઓના નામો ઉમેરો કરી આપવા બાબત.<br><br>૧. હિંગોરાણી મનીષ પ્રકાશભાઈ.<br>રહે.:- પ્લોટ નંબર ૧૬૫, સેન્ટ ઝેવીયર્સ સ્કુલના બસ સ્ટેન્ડની સામે, વોર્ડ નંબર ૩ / બી, ગાંધીધામ, કચ્છ.<br><br>COURT FEE Rs.2 TWO RUPEES INDIA<br>કોર્ટ ફિ ટિકિટ રદ કરી<br>કોર્ટ ફિ રજી. પાના નં. ...... / ૨૦<br>તારીખ | ટ્રસ્ટી તરીકેની નિમણુંક થયેલ હોવાથી.<br><br>ના.ચે.ક.<br>અધિક્ષક<br>તા. ૨૦/૨૦/૨૪<br>શ્રી. ..... | ૧. એજન્ડાની નકલ.<br>૨. ઠરાવની નકલ.<br>૩.નવા આવનાર ટ્રસ્ટીના સંમતીપત્રક.<br>૦૪. નવા આવનાર ટ્રસ્ટીનું સોગંદનામું અસલ.<br>૫. નવા ટ્રસ્ટીનું ઓળખપત્ર.<br>૦૬. ટ્રસ્ટીઓની નામ સરનામા સંપર્ક નંબરની યાદી. |

ASHOK R. SOLANKI BHAVNAGAR DIST. Gujarat State Regd. No. 1321 / N.T. Cont. Ed. Dt. 7-6-27 GOVERNMENT OF INDIA

સ્થળ : ભાવનગર.
તા.:- ૧૦/૧૦/૨૦૨૪.

રીપોર્ટીંગ ટ્રસ્ટીની સહિ.
શર્મા મહેન્દ્રકુમાર રામચંદ્ર.

SR. No. 15776 /2024
09 OCT 2024
MY COMMISSION EXPIRES ON 7-06-2027

જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી,
આવક નં.....૨૮૦૯.....
તારીખ.....૨૦/૨૦/૨૪.....

## સોગંદનામું

આથી અમો આ નીચે સહિ કરનાર શર્મા મહેન્દ્રકુમાર રામચંદ્ર, ઉં.વ.આ.:- પુખ્ત, ધંધો.:- નિવૃત, ધર્મે.:- હિન્દુ, રહે.:- પ્લોટ નંબર ૧૭ / એ, હરીરામ નગર – ૨, , એરપોર્ટ રોડ, સુભાષનગર, ભાવનગર. મો.:- ૭૦૧૬૧૨૩૦૪૪. નાં આથી સોગંદ ઉપર જાહેર કરૂ છું કે, આ ફેરફાર રીપોર્ટ મારી સહિથી રજુ કરેલ છે. તેમાં જણાવેલ વિગતો અને આધારો ખરા અને કાયદેસરના છે જે મારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરૂ છું.

આંક નંબર.....૬.....
ફે. રિ. નંબર.....૩૪૮/૨૦૨૪.....
રેકર્ડ કર્યા તારીખ.....૨૦/૨૦/૨૪.....

અધિક્ષક

આ ફેરફાર રીપોર્ટ મારી સહિથી રજુ કરેલ છે. આથી અમો આ સોગંદનામા થકી અમો ટ્રસ્ટનાં ટ્રસ્ટી દરજ્જે એ પણ જાહેર કરીએ છિએ કે, અમોની સંસ્થા ધ્વારા હાલમાં કોઇ પણ મિલકત ખરીદેલ નથી કે અમોની આ ઉપરોક્ત સ્ટેટ બોડી બિલ્ડીંગ એસોસીએશન કે જેનો ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર **એફ / ૧૮૪૭ / ભાવનગર** છે તે ટ્રસ્ટમાં કોઇ પણ સ્થાવર મિલકત નથી જે આથી જાહેર કરીએ છિએ. અમો વધુમાં જાહેર કરીએ છિએ કે અમોની સંસ્થાનું જે કોઇ પણ રેકર્ડ છે તે તમામ રેકર્ડ હાલમાં અમોની સંસ્થાની નોંધાયેલ કચેરી ખાતે જ રાખવામાં આવેલ છે. અમોની આ ઉપર દર્શાવેલ સંસ્થાની કારોબારી સમીતી ધ્વારા જ અમોની સંસ્થાનો સઘળો વહિવટ કરવમાં આવે છે.

આ ઉપરોક્ત ફેરફાર રીપોર્ટ અમોની સંસ્થામાં થયેલ ટ્રસ્ટી મંડળના ફેરફારો અંગે ફેરફાર રીપોર્ટ ભરેલ છે અને આ ફેરફાર રીપોર્ટમાં જણાવેલ વિગતો અને આધારો ખરા અને કાયદેસરના છે જે મારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરૂ છું.

NOTARY * GOVERNMENT OF INDIA *
ASHOK R. SOLANKI
BHAVNAGAR DIST.
GUJARAT STATE
Reg. No. 13270/17

સ્થળ : ભાવનગર.
તા.:- ૧૦/૧૦/૨૦૨૪.

x (signature)
રીપોર્ટીંગ ટ્રસ્ટીની સહિ.
શર્મા મહેન્દ્રકુમાર રામચંદ્ર.

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL
NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

IDENTIFIED BY ME
ADVOCATE/PERSON J.Y. Astik.
Bhavnagar

Solemnly Affirmed Before me
By Sharma Mahendrakumar R
who is Identified by Sri J.Y. Astik
Adv whom I Personally Know.

(signature)
ASHOK R. SOLANKI
NOTARY
GOVERNMENT OF INDIA

## નાયબ ચેરિટી કમિશનરશ્રી, ભાવનગર પ્રદેશ, ભાવનગર સમક્ષ

ફેરફાર રીપોર્ટ નં. ૩૧૧/૨૦૨૪

અરજદારઃ શર્મા મેહન્દ્રકકુમાર રામચંદ્ર

વિ.વ.શ્રી જે. વાય. આસ્તિક

ટ્રસ્ટનું નામઃ સ્ટેટ બોડી બિલ્ડીંગ એસોસીએશન, ભાવનગર

ટ્રસ્ટનો નોંધણી નં. એફ/૧૮૪૭/ભાવનગર

ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનીયમ - ૧૯૫૦ ની કલમ ૨૨ અન્વયે ચુકાદો અને હુકમ.

અરજદારશ્રીએ અત્રેની કચેરીમાં, તા.૨૯/૦૯/૨૦૨૪ નાં રોજ આ ટ્રસ્ટના કારોબારી મંડળમાં થયેલ ફેરફાર અંગે આ ફેરફાર રીપોર્ટ તા. ૧૦/૧૦/૨૦૨૪ .નાં રોજ રજુ કરેલ છે. આ ફેરફાર રીપોર્ટ મુજબ આ ટ્રસ્ટની અનુગામી ટ્રસ્ટી નિમવાની રીત મુજબ કારોબારી સભ્યો દ્વારા કારોબારી સભ્યો તરીકે નિમણુંક થવાથી હિંગોરાણી મનીષ પ્રકાશભાઇનું નામ દાખલ કરવા જણાવેલ છે.

આ કામે અરજદાર દ્વારા ફેરફાર રીપોર્ટ સાથે આંક ૧, માર્ક ૧/૧ થી માર્ક ૧/૨, આંક ૨ થી આંક ૧૦ સુધીના પુરાવાઓ રજુ કરેલ છે. આંક ૧૧ થી સુનાવણીની નોટીસ કરેલ છે. આંક ૧૨ થી મુદત અરજી રજુ કરેલ છે. આંક ૧૩ થી જવાબ આપેલ છે અને આંક ૧૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક ૧૪/૧ થી માર્ક ૧૪/૩ ના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. આથી આ કામ હુકમ પર રાખેલ છે.

અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ અને રજુઆતોને ધ્યાને લેતા નીચે મુજબનાં મુદ્દાઓ નિર્ણય માટે ઉપસ્થિત થયેલ છે.

૧. શું કારોબારી મંડળમાં ફેરફાર થયેલ છે ?
૨. શું આ ફેરફાર મંજુર થવા પાત્ર છે ?
૩. શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

પી.ટી.આર. મુજબ આ ટ્રસ્ટની નોંધણી ઇન્કવાયરી નં. ૧૧૪/૨૦૦૮ નોંધણી તારીખ ૦૫/૦૯/૨૦૦૮ નાં રોજ થયેલ છે, આ ટ્રસ્ટના ઉત્પત્તિ દસ્તાવેજ તરીકે મેમોરેન્ડમ ઓફ એસોસીએશન તથા ધારાધોરણ છે. આ મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને ધારાધોરણ તા. ૧૮/૦૫/૨૦૦૮ ની સામાન્ય સભામાં મંજુર થયેલ છે. ફેરફાર રીપોર્ટ નં- ૨૦૯/૨૦૨૪ હુકમ તા- ૨૪/૦૯/૨૦૨૪ નોંધ નં. "સી" થી મુદત પુરી થવાથી ટ્રસ્ટીમાં ફેરફાર થયેલ છે. હાલ પી.ટી.આર. પર ટ્રસ્ટીઓ તરીકે ૧. તુંડતીલ તુલસી સુજનનંદન, ૨. શર્મા મેહન્દ્રસકુમાર રામચંદ્ર (અરજદાર), ૩. ગોયલ નંદલાલ રામજીવનભાઈ, ૪. ગુંજાળ દીપકકુમાર પ્રતાપરાવ, ૫. મકવાણા અર્જુનસિંહ અમરસિંહ, ૬. મિનામા હેંમતકુમાર તારાચંદ્ર, ૭. સોંલકી મનોજભાઈ હરીભાઈ, ૮. પિલ્લઈ પ્રશાંતભાઈ ચંદ્રમોહન, ૯. પંચાલ વિજયકુમાર રમણલાલ, ૧૦. જયસ્વાલ આનંદભાઈ કૈલાશપ્રસાદ, ૧૧. રાણા મોહમદઅસ્ફાક કાલુબાવા અને ૧૨. પટેલ જીગીશકુમાર રતીલાલ છે. પી.ટી.આર. પર નોંધાયેલ અનુગામી ટ્રસ્ટી નિમવાની રીત મુજબ એક્ઝીક્યુટીવ સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી સાત અને વધુમાં વધુ વીસની રહેશે. તેની ચુંટણી સામાન્ય સભા દર પાંચ વર્ષે કરશે. આ ટ્રસ્ટના આર્ટીકલ ઓફ એસોસીએશનની કલમ ૨૪ મુજબ વાર્ષિક સાધારણ સભા પછી જરૂર જણાય તો જનરલ બોડીના બે સભ્યોને એકઝીકયુટીવ કમીટીમાં કો-ઓપ્ટ કરી શકે છે. આથી આ કામે વિશેષ તપાસ જરૂરી નથી. આ ફેરફાર સાદો અને બિનતકરારી છે.

આ કામે રજુ થયેલ પુરાવાને ધ્યાને લેતા, આંક ૧ મુજબ ફેરફાર રીપોર્ટના સમર્થનમાં અરજદારશ્રીએ સોગંદનામું કરેલ છે, અને આ ટ્રસ્ટનું રેકર્ડ ટ્રસ્ટની નોંધાયેલ કચેરીએ રાખવામાં આવેલ હોવાની હકીકત સોગંદ ઉપર જાહેર કરેલ છે. માર્ક ૧૪/3 મુજબ દાખલ થનાર સહિત ૨૫ સભ્યો છે, માર્ક ૧૪/૧ મુજબ એજન્ડા બહાર પાડેલ છે અને યોગ્ય રીતે બજાવેલ છે, માર્ક ૧૪/૨ મુજબ તા. ૨૯/૦૯/૨૦૨૪ ના રોજની કારોબારી સભ્યોની મિટીંગમાં દાખલ થનારની કારોબારી સભ્ય તરીકે નિમણુંક કરતો સર્વાનુમતે ઠરાવ મંજુર કરેલ છે અને આ મિટીંગમાં હાજર બારેય કારોબારી સભ્યયોએ સહી કરેલ છે, આંક ૨ મુજબ દાખલ થનારે સંમતિ આપેલ છે, આંક 3 મુજબ દાખલ થનારે સંમિતના સમર્થનમાં સોગંદનામું કરેલ છે, અને તેની સાથે તેમના ઓળખપત્રની નકલ

રજુ થયેલ છે, માર્ક ૪ મુજબ ટ્રસ્ટીઓના સંપર્ક નંબર અને સરનામાં જણાવેલ છે, આંક ૧૩ થી જવાબ આપેલ છે.

આથી આ ફેરફાર આ ટ્રસ્ટની અનુગામી ટ્રસ્ટી નિમવાની રીત મુજબ છે, આ ફેરફાર કાયદેસર છે અને યોગ્ય રીતે થયેલ છે, અને ટ્રસ્ટનાં હિતમાં આ ફેરફાર રીપોર્ટ મંજુર કરવો ઉચિત છે. આથી મુદ્દા નં. ૧ અને ૨ નો નિર્ણય હકારમાં કરેલ છે. આથી હું નીચે મુજબ આખરી હુકમ કરૂં છું.

:: હુકમ::

આથી ઉપરોકત વિગતે આ ફેરફાર રીપોર્ટ નં. ૩૧૧/૨૦૨૪ "મંજુર" કરવામાં આવે છે.

આ ફેરફાર રીપોર્ટનાં આંક ૧ માં જણાવેલ ફેરફારની પી.ટી.આર.માં નોંધ કરવી.

આ હુકમની અરજદારને જાણ કરવી.

આ હુકમથી નારાજ પક્ષકાર હુકમ તારીખથી દિન ૬૦ માં સંયુકત ચેરિટી કમિશનરશ્રી, ભાવનગર સમક્ષ ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની કલમ ૭૦ મુજબ અપીલ કરી શકે છે.

તા. ૨૬/૧૧/૨૦૨૪

સ્થળ - ભાવનગર

(નાયબ ચેરિટી કમિશનર, ભાવનગર પ્રદેશ-ભાવનગર — સત્યમેવ જયતે)

૨૬/૧૧/૨૪

(જે.કે.ગોંડલીયા)
નાયબ ચેરિટી કમિશનર
ભાવનગર પ્રદેશ, ભાવનગર

નકલ તૈયાર કરનારની સહી ૨/૧૨/૨૪
નકલ મુકાબલ કરનારની સહી

કુલ પાના ૬
નકલ ફી રૂ. ૧૨
મુકાબલ ફી રૂ. ૦
પેપર ખર્ચ રૂ. ૬
કુલ ૧૮/-

આથી પ્રમાણપત્ર આપવામા આવે છે કે આ ખરી નકલ છે.

એફ/૧૮૪૭/ભાવનગર ફે.રી.નં. ૩૧૧/૨૦૨૪

અધિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
ભાવનગર પ્રદેશ-ભાવનગર.